# નપુંસકતા માત્ર એક ટકો જ શારીરિક હોય છે



જે ની ચર્ચા કરવા ઉપર પ્રતિબંધ હોય, જે વિષય ઉપર પરિવારજનો સાથે પણ વાત ન થાય, જેના વિશે કોઈને પૂછી પણ ન શકાય, જેની વાત કરવી પાપ ગણાય એવા બધા જ વિષયો વિશે ભયંકર અંધાધૂંધી ફેલાતી હોય છે. ભારતમાં સેક્સ સંબંધી બાબતો જાહેરમાં ચર્ચાતી નથી. ત્યાં સુધી કે એની ચર્ચા મા-બાપ કે શિક્ષકો સાથે પણ થઈ શકતી નથી. અરે સરખી ઉંમરના મિત્રો એકબીજા સાથે સાચી ચર્ચા કરતા નથી. એવી ચર્ચા કરતા ભારતીય યુવાન, ખાસ કરીને તરુણો અચકાય છે. ભારતીય યુવાધન મોટાભાગે પોતાના શરીરના અંગો વિશે જ અભાન હોય છે, જાત જાતની માન્યતાઓથી ઘેરાયેલો હોય છે. જાત જાતની શંકાઓ એના મગજમાં ઘર કરી ગયેલી હોય છે. અને આવા સંજોગોમાં તેના લગ્ન થાય ત્યારે તે જે મુંજવણ અનુભવે તે કોઈને કહી શકાય તેવી નથી હોતી.

આજકાલ સોશ્યલ સાઈટ અને પોર્ન સાઈટ ઉપર સૌથી વધારે પીરસતું હોય તો એ છે સેક્સ સંબંધી માહિતી અને વીડિયો. જેમાં મોટાભાગે માત્ર ઉન્માદ જગાવે કે પોતાના અંગો તરફ નિરાશા જગાવે તેવી માહિતીઓ અને વીડિયો હોય છે. ભારતીય યુવાનોમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો હોય તો તે છે પોતાના જનનાંગ વિશેની ખોટી ભ્રમણા. જગતના દરેક મનુષ્યનું શરીર એકબીજાથી જુદું છે. એનો આકાર, લંબાઈ, જાડાઈ જુદી હોય છે. એની પાછળ વારસાગત રંગસૂત્રો જવાબદાર હોય છે. આ ઉપરાંત યુવાનોને ભય હોય છે કે તે નપુંસક નહીં હોય ને? શારીરિક નપુંસકતા જગતના પુરુષોમાં માત્ર એક ટકો જ હોય છે. જે મોટાભાગે પ્રજનન અંગોને થયેલી કોઈ ગંભીર ઈજા, જાતીય અંગોની જન્મજાત ખોડ-ખાંપણ કે અવિકસીતપણું, અસંતુલિત પુરુષ હોર્મોન્સ, જન્મજાત સ્ત્રૈણપણું, બીપી, સ્થુળતા, મધુપ્રમેહ, અને બીપીની હાઈ ડોઝની એલોપેથીક દવાઓની આડ અસરો, માદક દ્રવ્યો અને નશાકારક પદાર્થોનું વધુ પડતું સેવન જેવાં માત્ર એક ટકો જ શારીરિક કારણો પુરુષની અસ્થાયી નપુંસકતા માટે જવાબદાર હોય છે. જ્યારે એની પાછળ જવાબદાર 99% કારણો તો કેવળ માનસિક જ હોય છે. આવા માનસિક કારણો માટે યોગ્ય વૈજ્ઞાનિક સારવાર ઉપલબ્ધ છે. એ ઉપરાંત મનોવૈજ્ઞાનિક સારવાર પણ લઈ શકાય. એના દ્વારા પોતાને નપુંસક ગણતો યુવાન પુનઃ સંપૂર્ણ પુરુષ બની શકે છે. પણ ભારતીય યુવાનો ખાસ સંજોગો સિવાય કોઈને કશું કહેતા નથી. કેટલાક તો આત્મહત્યાની કક્ષાએ પહોંચી જાય છે.

અકારણ નપુંસકતા વિશેના માનસિક અસ્થાયી કારણોમાં જોઈએ તો નાનપણમાં મા-બાપ, પરિવાર, શિક્ષકો કે અન્યો દ્વારા કરવામાં આવેલો લઘુતાગ્રંથી પેદા કરે એવો વ્યવહાર, શારીરિક અપંગતાને કારણે ઘર કરી ગયેલી લઘુતાગ્રંથી, બચપણમાં થયેલો કોઈ ખરાબ જાતીય અનુભવ કે જાતીય શોષણ, જાતીય અંગોની સાઈઝ અંગેની અવૈજ્ઞાનિક વાતો અને વહેમ, ભ્રામક જાહેરાતો,

**ઘટ ઘટ પાની**

**★ માવજી મહેશ્વરી**

મિત્રો પાસેથી મળેલું અવૈજ્ઞાનિક અજ્ઞાન, મિત્રોનાં અંગો સાથેની ભ્રામક સરખામણી, માની લીધેલી

**ભારતીય યુવાનોમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો હોય તો તે છે પોતાના જનનાંગ વિશેની ખોટી ભ્રમણા. જગતના દરેક મનુષ્યનું શરીર એકબીજાથી જુદું છે. એનો આકાર, લંબાઈ, જાડાઈ જુદી હોય છે. એની પાછળ વારસાગત રંગસૂત્રો જવાબદાર હોય છે. આ ઉપરાંત યુવાનોને ભય હોય છે કે તે નપુંસક નહીં હોય ને?**

કુરુપતા, ઓછી કે વધારે પડતી ઉંચાઈ, દુબળાપણું કે મોટાપણું, દૈહિક-માનસિક લઘુતાગ્રંથી, આત્મવિશ્વાસ વગરનું મન, શરમાળપણું, જીવનસાથી કરતાં ઓછું ભણતર અને નીચા દરજ્જાની આવક કે ધંધો, સાથી કરતાં ઓછું રૂપ, ઓછું વજન અને ઓછી ઉંચાઈ, સાથીની ઉગ્ર જાતીયતા, કામાંગની સાઈઝ બાબતે એનાં મહેણાં-ટોણાં, જીવનસાથીનાં ધનવાન પિયરીયાં, લડાઈ-ઝગડા, પુરુષ કરતાં સ્ત્રીની કામુકતા ૮ ગણી વધારે હોવાનાં ધર્મગ્રંથોનાં ખોટાં ઉદાહરણો, પરફોર્મન્સ અંગેનો ભય, શીઘ્રસ્ખલનનો ભય, થાક, અવૈધ સંબંધ બાંધતી વેળાના વિવિધ માનસિક ભય, જીવનસાથીનો અન્ય કોઈ સાથેનો આડોસંબંધ કે એ અંગેનો વહેમ, કોઈની ધાક-ધમકી, દુશ્મની, દેવું, લાંબી બીમારી, શારીરિક, આર્થિક, સામાજિક, પારિવારિક કે નોકરી-ધંધાકીય જેવી બાબતોની ચિંતાઓ, તણાવ, મનોભાર વગેરે જેવાં વિવિધ પ્રકારનાં માનસિક કારણો પણ વ્યક્તિને લાંબા કે ટૂંકાગાળા માટે નપુંસક બનાવી દેતાં હોય છે.

પુરુષની નપુંસકતાને સ્વીકાર્યો છે કિન્નર પ્રજાતિએ. દુનિયામાં મનુષ્યની ત્રીજી પ્રજાતિ પુરુષમાંથી પેદા થાય છે, જેને ભારતમાં કિન્નર કે વ્યંગમાં હિજડા પણ કહે છે. નવાઈની વાત એ પણ છે કે એવા પુરુષો સ્ત્રી બનીને રહેતા હોય છે. એનો અલગ સમાજ છે. એના ધારાધોરણો છે. પણ અન્ય પુરુષોની દુવિધા જરા જુદી છે. મોટાભાગે પુરુષની નપુંસકતા દેખાઈ જતી હોય છે. કેમ કે પુરુષ એક્ટીવ ફેક્ટર તરીકે કામ કરે છે અને સ્ત્રી પેસીવ ફેક્ટર તરીકે. નપુંસકતાની મોટી અસર પુરુષના મન ઉપર પડે છે. એવું નથી કે સ્ત્રીઓ નપુંસક નથી હોતી. સ્ત્રીના આંતરિક અવયવોમાં ખામી હોય ત્યારે તે મા બની શકતી નથી. જોકે સ્ત્રીઓ એ બાબતમાં પુરુષ કરતા નશીબદાર ગણાઈ શકે કે સ્ત્રીના બાહ્ય શરીરમાં એની નપુંસકતા દેખાતી નથી. હા, સ્ત્રીઓને પુરુષના અંગો વિશેની ગેરમાન્યતાઓ હોય છે અને કેટલીકવાર એ ગેરમાન્યતાઓ જ પુરુષને નપુંસક બનાવી દેવાનું કારણ હોય છે. કચ્છના વિલક્ષણ વાર્તાકાર જયંત ખત્રીની 'ધાડ' વાર્તાનાયક 'ઘેલો' નપુંસક પુરુષની માનસિકતાને ઉજાગર કરે છે.

# જહાજનો નીચેનો ભાગ લાલ રંગથી કેમ રંગવામાં આવે છે?

આ પણી આસપાસ ઘણી બધી વસ્તુઓ છે જે ખૂબ જ રસપ્રદ અને અનોખી લાગે છે, પરંતુ આપણે તેમના વિશે વધુ જાણતા નથી. આજે, આપણે આવી જ એક માહિતી શેર કરવા જઈ રહ્યા છીએ. જો તમે ક્યારેય કોઈ જહાજને નજીકથી જોયું હોય, અથવા ફક્ત ફોટા કે વીડિયો જોયા હોય, તો તમે કદાચ ધ્યાન આપ્યું હશે કે મોટાભાગના જહાજોનો નીચેનો ભાગ લાલ હોય છે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે આવું કેમ છે? તાજેતરમાં, અમને સાચો જવાબ મળ્યો, તેથી અમે વિચાર્યું કે અમે તે તમારી સાથે શેર કરીશું, કારણ કે અમારું માનવું છે કે થોડા



લોકો તેના વિશે જાણે છે.

ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં જહાજનો નીચેનો ભાગ લાલ રંગથી રંગવાની જાણકારી આપવામાં આવી છે. ઇન્સ્ટાગ્રામ યુઝર્સ @riyas_p_c એ આ વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં સમજાવવામાં આવ્યું છે કે લાકડાના જહાજોના દિવસોમાં, બાર્નેકલ્સ અને શેવાળ પાણીની સપાટી નીચે એકઠા થતા હતા, જેનાથી જહાજો ધીમા પડતા હતા અને તેમના માળખાને નુકસાન થતું હતું. આને અટકાવવા માટે, ખલાસીઓએ તાંબા આધારિત લાલ રંગનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું, જે કુદરતી રીતે જહાજોને સુરક્ષિત રાખતો હતો. લાલ રંગ આજે પણ યથાવત છે, અને તે માત્ર પરંપરા નથી. આ લાલ રેખા આપણને દૂરથી નક્કી કરવામાં મદદ કરે છે કે વહાણ કેટલા વજનથી ભરેલું છે.